# સાયણ સુગરની ચૂંટણીમાં આજે ભાજપ Vs ભાજપનો જંગ થશે

**15 ઝોન** બેઠક માટે 37 ઉમેદવાર મેદાનમાં, વર્તમાન ચેરમેન રાકેશ પટેલની પેનલ સામે માજી ચેરમેન કેતન પટેલની પેનલ વચ્ચે સીધી ટક્કર

**સાંધીએર** ઝોનમાં દર્શન નાયકને હરાવવા તાલુકા- જિલ્લા ભાજપ સંગઠન સક્રિય, સાયણ-કુડસદ સહિતના ઝોનમાં પણ રસાકસી

### ભટગામ અને સાંધીએરમાં ચતુષ્કોણીય જંગ

ચૂંટણીમાં ભટગામ, સાંધીએર અને અનુસૂચિત જાતિ/જનજાતિ અનામત ઝોનમાં ચાર-ચાર ઉમેદવારો વચ્ચે જંગ જામશે. જ્યારે સિથાણ ઝોનમાં ત્રણ ઉમેદવારો વચ્ચે મુકાબલો થશે. બીજી તરફ હોટ ફેવરિટ ગણાતા સાયણ અને કુડસદ સહિતના અન્ય મોટાભાગના ઝોનમાં બે-બે ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જોવા મળશે. જેના કારણે અનેક ઝોનમાં ચૂંટણીનું પરિણામ બંને પેનલ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની શકે છે. ચૂંટણીમાં સાંધીએર ઝોન ખાસ ચર્ચામાં આવ્યો છે. ખેડૂત આગેવાન દર્શન નાયકને જીતતા અટકાવવા માટે જિલ્લા ભાજપ સંગઠન સક્રિય થયું હોવાની રાજકીય વર્તુળોમાં ચર્ચા છે. બીજી તરફ આ ઝોનમાં ચાર ઉમેદવારો મેદાનમાં હોવાથી મતનું વિભાજન કોના પક્ષે જાય છે તેના પર પરિણામનો મદાર રહેશે. સાયણ સુગરની આ ચૂંટણીનું સૌથી મોટું રાજકીય પાસું એ છે કે વર્તમાન ચેરમેન રાકેશ પટેલ અને માજી ચેરમેન કેતન પટેલની પેનલ આમને-સામને છે. બંને તરફથી પોતાના સમર્થક ઉમેદવારોને જીતાડવા માટે એડી ચોટીનું જોર લગાડવામાં આવ્યું હતું.

સુરતઃ શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., સાયણની ચૂંટણીનો જંગ હવે રસપ્રદ તબક્કામાં પહોંચી ગયો છે. કાલે રવિવાર, તા. 9 ઓગસ્ટે 15 ઝોન બેઠક માટે મતદાન યોજાશે. આ પૂર્વે 18 પૈકી ત્રણ બેઠક બિનહરીફ થઈ હતી. 15 ઝોનમાં કુલ 37 ઉમેદવાર વચ્ચે સીધી ચૂંટણી ટક્કર થશે. વર્તમાન ચેરમેન રાકેશ પટેલની પેનલ સામે માજી ચેરમેન કેતન પટેલે પેનલ મેદાનમાં ઉતારતાં સમગ્ર ચૂંટણી ભાજપ વિરુદ્ધ ભાજપના જંગમાં ફેરવાઈ હોવાનું રાજકીય અને સહકારી ક્ષેત્રે ચર્ચાઈ રહ્યું છે. સાંધીએર ઝોનમાં દર્શન નાયકને હરાવવા તાલુકા- જિલ્લા ભાજપ સંગઠન સક્રિય જોવા મળ્યું તો ખેડૂત સમાજે ખુલીને દર્શન નાયકને સમર્થન આપતા આ બેઠક પર ચૂંટણી જંગ જામ્યો છે.

સાયણ સુગરની ચૂંટણી જાહેર થઈ ત્યારે કાર્યક્ષેત્રમાં આવતા ઓલપાડ, કામરેજ, હાંસોટ અને માંગરોળ તાલુકાના સહકારી તથા રાજકીય ક્ષેત્રે ગરમાટો આવ્યો હતો. 18 ઝોન માટે કુલ 121 ઉમેદવારએ ઉમેદવારી ફોર્મ ભર્યાં હતાં. જોકે, ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા દરમિયાન 84 જેટલા ફોર્મ પરત ખેંચાતા અંતે 37 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે.

18 બેઠક પૈકી પૈકી રાંદેર, પીપોદરા અને નાના-સીમાંત અનામત ઝોનમાં એક-એક ઉમેદવાર જ મેદાનમાં રહેતા ત્રણેય ઝોનના ડિરેક્ટરો બિનહરીફ જાહેર થયા છે. બિનહરીફ જાહેર થયેલા ઉમેદવારોમાં ઉમેશ ચંદુભાઇ પટેલ (નરથાણ), ભરતસિંહ માધુસિંહ ઠાકોર (મોટી નરોલી) અને અરવિંદ નારણભાઇ પટેલ (કુડસદ)નો સમાવેશ થાય છે.

ખાસ કરીને સાંધીએર, સાયણ, કુડસદ, સિથાણ અને ભટગામ જેવા ઝોનમાં પરિણામો પર સૌની નજર મંડાયેલી છે. બે પેનલ વચ્ચેની સીધી ટક્કરને કારણે આ ચૂંટણી માત્ર સહકારી સંસ્થાની ચૂંટણી ન રહેતા સ્થાનિક રાજકીય સમીકરણોની પણ કસોટી બની હોવાનું માનવામાં આવી રહ્યું છે. રવિવારે સવારે ૯થી સાંજે ૫ સુધી મતદાન થશે.

બે પેનલ વચ્ચેની સીધી ટક્કર અને સંવેદનશીલ ઝોનમાં ચતુષ્કોણીય જંગને કારણે સાયણ સુગરની ચૂંટણીનું પરિણામ સહકારી ક્ષેત્રની સાથે સ્થાનિક રાજકીય વર્તુળોમાં પણ મહત્ત્વનું બની રહેવાની શક્યતા છે.

# સુરત સ્ટેશન પર વ્હીલચેર ગાયબ થવાના કિસ્સા વધ્યા

**મિસિંગ** વ્હીલચેરનો રેલવે દ્વારા સરવે હાથ ધરાયો

**જાહેર** સુવિધાનો ઉપયોગ કર્યા બાદ તેને યોગ્ય સમયે સ્ટેશન સ્ટાફને પરત સોંપી દેવી જોઇએ

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોની સુવિધા માટે મૂકવામાં આવતી વ્હીલચેર હવે રેલવે તંત્ર અને સ્ટાફ માટે મોટી માથાકૂટનો વિષય બની ગઈ છે. સ્ટેશન પર પૂરતી સંખ્યામાં વ્હીલચેરનો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં, કેટલાક મુસાફરોની બેજવાબદારીના કારણે તે સ્ટેશન પર પરત ન મુકાતા સ્ટાફ ભારે મુશ્કેલીમાં મુકાય છે.

નિયમ મુજબ, સ્ટેશન પરથી વ્હીલચેર મેળવવા માટે આધારકાર્ડ જમા કરાવવાની સિસ્ટમ અમલમાં છે, જેથી તેની સુરક્ષા અને જવાબદારી સુનિશ્ચિત થઈ શકે. છતાં અનેક મુસાફરો વ્હીલચેર સ્ટેશન પર પરત કરવાને બદલે પોતાની સાથે જ ઘરે અથવા અન્ય સ્થળોએ લઈ જતાં હોય છે. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા હાલમાં જ 'મિસિંગ વ્હીલચેર'નો વિશેષ સરવે પણ હાથ ધરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરત રેલવે સ્ટેશન પર દર મહિને એકાદ-બે વ્હીલચેર ગૂમ થઈ જાય છે. સ્ટેશન સ્ટાફના જણાવ્યા મુજબ કેટલાક કિસ્સાઓમાં તો મુસાફરો વ્હીલચેર લીધા બાદ પૂરા એક મહિના પછી તેને પાછી આપવા આવતા હોય તેવી વિચિત્ર ઘટનાઓ પણ બનતી હોય છે. એક વ્હીલચેર ગૂમ થવાથી સ્ટેશન પર આવતા અન્ય અશક્ત કે વૃદ્ધ જરૂરિયાતમંદ મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.રેલવે તંત્ર દ્વારા મુસાફરોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે તેઓ આ જાહેર સુવિધાનો ઉપયોગ કર્યા બાદ તેને યોગ્ય સમયે સ્ટેશન સ્ટાફને પરત સોંપી દે, જેથી અન્ય જરૂરિયાતમંદ લોકોને પણ સમયસર તેનો લાભ મળી શકે અને સ્ટેશન સ્ટાફ આ મુશ્કેલીમાંથી મુક્ત થઈ શકે.

# સુરતમાં TAT-HSમાં 96 ટકાથી વધુ ઉમેદવારોની હાજરી નોંધાઇ

**પેપર-1માં** 10,875 અને પેપર-2માં 10,866 ઉમેદવારોએ પરીક્ષા આપી

સુરતઃ સુરત જિલ્લામાં આજે ટીચર એપ્ટીટ્યુટ ટેસ્ટ (TAT) હાયર સેકન્ડરી મેઈન એક્ઝામ-2026 યોજાઈ હતી. પરીક્ષાના બંને પેપર માટે કુલ 11,299 ઉમેદવારો નોંધાયેલા હતા. પરીક્ષા દરમિયાન ઉમેદવારોની હાજરીનું પ્રમાણ 96 ટકાથી વધુ રહ્યું હતું, જ્યારે બંને પેપરમાં મળીને કુલ 857 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

પરીક્ષા માટે સવારે 10:30થી બપોરે 1:00 વાગ્યા સુધી પેપર-1 યોજાયું હતું. ત્યારબાદ બપોરે 3:00થી સાંજે 6:00 વાગ્યા સુધી પેપર-2 લેવામાં આવ્યું હતું. સત્તાવાર હાજરી-ગેરહાજરી અહેવાલ મુજબ પેપર-1 માટે સુરત જિલ્લામાં કુલ 11,299 ઉમેદવારો નોંધાયેલા હતા. તેમાંથી 10,875 ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે 424 ઉમેદવારો પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. આ પ્રમાણે પેપર-1માં ઉમેદવારોની હાજરી 96.25 ટકા રહી હતી, જ્યારે ગેરહાજરીનું પ્રમાણ આશરે 3.75 ટકા હતું. બપોરે યોજાયેલા પેપર-2માં પણ કુલ ઉમેદવારોની સંખ્યા 11,299 જ રહી હતી.

જોકે, પેપર-1ની સરખામણીએ પેપર-2માં હાજરીમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. પેપર-2માં 10,866 ઉમેદવારોએ પરીક્ષા આપી, જ્યારે 433 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

આમ, પેપર-2માં હાજરીનું પ્રમાણ 96.17 ટકા અને ગેરહાજરીનું પ્રમાણ આશરે 3.83 ટકા રહ્યું હતું. પરીક્ષાના બંને પેપરમાં ઉમેદવારોની હાજરી લગભગ સ્થિર રહી હતી. પેપર-1માં 10,875 ઉમેદવારો હાજર હતા, જ્યારે પેપર-2માં 10,866 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. એટલે કે બીજા પેપરમાં પ્રથમ પેપર કરતાં માત્ર 9 ઉમેદવારો ઓછા હાજર રહ્યા હતા.

બીજી તરફ, ગેરહાજરી પણ પેપર-2માં માત્ર 9 જેટલી વધી હતી. પેપર-1માં 424 ઉમેદવારો ગેરહાજર હતા, જ્યારે પેપર-2માં આ સંખ્યા વધીને 433 થઈ હતી. જો બંને પેપરની હાજરીને એકસાથે જોવામાં આવે તો કુલ 22,598 પરીક્ષા-બેઠકો સામે 21,741 હાજરી નોંધાઈ હતી. બંને પેપરની સંયુક્ત ગણતરી પ્રમાણે હાજરીનું પ્રમાણ આશરે 96.21 ટકા રહ્યું હતું, જ્યારે કુલ 857 ગેરહાજરી નોંધાઈ હતી.

### બંને પેપરમાં હાજરીની સરખામણી

| વિગત | પેપર-1 | પેપર-2 |
|---|---|---|
| ઉમેદવાર | 11,299 | 11,299 |
| હાજર | 10,875 | 10,866 |
| ગેરહાજર | 424 | 433 |
| હાજરી | 96.25% | 96.17% |
| ગેરહાજરી | 3.75% | 3.83% |

# લાંચમાં ઝડપાયેલા ચીફ ફાયર ઓફિસર ડોંગરેને ટર્મિનેટ કરાયા

**છ ફાયર** એનઓસી માટે રૂ.36 હજારની લાંચ કેસમાં અમદાવાદ પાલિકાનાં પગલાંથી ફફડાટ

અમદાવાદ : છ ફાયર એનઓસી મંજૂર કરાવવા માટે રૂ.36 હજારની લાંચ લેવાના કેસમાં એસીબીના હાથે ઝડપાયેલા અમદાવાદ મહાનગરપાલિકાના પ્રોબેશનરી ચીફ ફાયર ઓફિસર અમિતકુમાર આનંદરાવ ડોંગરે સામે મનપાએ કડક કાર્યવાહી કરતાં તેમને સેવામાંથી ટર્મિનેટ કરી દીધા છે. લાંચના કેસમાં ધરપકડ બાદ શરૂઆતમાં સસ્પેન્ડ કરવામાં આવેલા ડોંગરે પ્રોબેશન પર હોવાથી મનપાએ લાંબી ખાતાકીય તપાસ કર્યા વિના તેમને સેવામાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. પોલીસ કસ્ટડીમાં રહેલા ડોંગરેને મનપાનો ટર્મિનેશનનો હુકમ પણ બજાવી દેવામાં આવ્યો છે.

ફાયર એનઓસી મંજૂર કરાવવા માટે એનઓસી દીઠ રૂ.6 હજાર લેખે છ બિલ્ડિંગ માટે કુલ રૂ.36 હજારની લાંચ માગવામાં આવી હોવાની ફરિયાદના આધારે વડોદરા એસીબીની ટીમે 7 ઓગસ્ટે મેમનગરના વિજય ચાર રસ્તા નજીક યશ એક્વા કોમ્પ્લેક્સ પાસે છટકું ગોઠવ્યું હતું. ડોંગરે વતી લાંચની રકમ સ્વીકારતા ખાનગી વચેટિયા ભાવસિંહ પ્રતાપભાઈ ઝાલાને એસીબીએ રંગેહાથ ઝડપી લીધો હતો. ટ્રેપ દરમિયાન વચેટિયાએ ડોંગરે સાથે ફોન પર વાતચીત કરી હતી. આ દરમિયાન લાંચની રકમ અંગે સંમતિ દર્શાવતી વાતચીતના પ્રાથમિક પુરાવા મળતાં ડોંગરે સામે પણ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. બંને આરોપીઓને 12 ઓગસ્ટના સાંજે પાંચ વાગ્યા સુધીના પોલીસ રિમાન્ડ પર સોંપવામાં આવ્યા છે. એસીબીની તપાસ દરમિયાન ડોંગરેના નિવાસસ્થાનેથી રૂ.1.10 લાખ રોકડા મળી આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે. ઉપરાંત તેમના ત્રણ બેંક ખાતાં અને લોકરો ફ્રીઝ કરીને તેમની મિલકતો તથા આવકના પ્રમાણમાં સંપત્તિ અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

લાંચના કેસમાં ધરપકડ બાદ મનપાએ ડોંગરે સામે તાત્કાલિક વહીવટી કાર્યવાહી કરી છે. પ્રોબેશનરી અધિકારી હોવાના કારણે નિયમો મુજબ તેમને સેવામાંથી ટર્મિનેટ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આમ, ફાયર એનઓસીના બદલામાં લાંચના આ પ્રકરણમાં એસીબીની કાર્યવાહી બાદ મનપાએ પણ કડક પગલું ભરતાં ચીફ ફાયર ઓફિસરનું પદ ગુમાવવાનો વારો આવ્યો છે.

# ચોમાસું ૭૦ ટકાને પાર દ.ગુજરાતમાં ૯૬.૯૨ ટકા

**કચ્છમાં** માત્ર ૨૯.૦૫ ટકા વરસાદ, સૌરાષ્ટ્રમાં ૫૪.૫૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૧.૩૯ ટકા વરસાદ

ગાંધીનગરઃ ગુજરાતમાં ચોમાસું હવે સરેરાશના ૭૦ ટકાને પાર પહોંચી ગયું છે ત્યારે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી વચ્ચે રાજ્યમાં ચોમાસું વધુ સક્રિય બનવાના સંકેતો મળ્યા છે. તા. ૮ ઓગસ્ટની સવાર સુધી રાજ્યમાં ૬૩૭.૨૬ મિમી એટલે કે સરેરાશના ૭૦.૧૧ ટકા વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર સૌથી વધુ રહી છે અને સિઝનનો વરસાદ સરેરાશના ૯૬.૯૨ ટકા સુધી પહોંચી ગયો છે. બીજી તરફ કચ્છમાં માત્ર ૨૯.૦૫ ટકા વરસાદ નોંધાતા પ્રદેશવાર વરસાદની અસમાનતા હજુ યથાવત્ છે.

આ દરમિયાન હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને ૯થી ૧૧ ઓગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દિવસોમાં ગાજવીજ સાથે વરસાદ ઉપરાંત કેટલાક સ્થળોએ ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું હતું અને સરેરાશ માત્ર ૦.૧૪ મિમી વરસાદ નોંધાયો હતો. પાંચ જિલ્લાના ૧૨ તાલુકામાં વરસાદ પડ્યો હતો. જેમાં તાપી જિલ્લાના વાલોડમાં ૧૬ મિમી સાથે સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. ડાંગના સુબીરમાં ૫ મિમી, વઘઈમાં ૩ મિમી તથા આહવા અને વલસાડના ધરમપુરમાં ૨-૨ મિમી વરસાદ નોંધાયો હતો.

### વરસાદની સ્થિતિ એક નજરે

**રાજ્યનો સિઝનલ વરસાદઃ** ૬૩૭.૨૬ મિમી
**સરેરાશની સામેઃ** ૭૦.૧૧ ટકા
**છેલ્લા ૨૪ કલાકનો સરેરાશ વરસાદઃ** ૦.૧૪ મિમી
**છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુઃ** વાલોડ ૧૬ મિમી
**દક્ષિણ ગુજરાતઃ** ૯૬.૯૨ ટકા
**પૂર્વ-મધ્ય ગુજરાતઃ** ૬૭.૦૫ ટકા
**સૌરાષ્ટ્રઃ** ૫૪.૫૮ ટકા
**ઉત્તર ગુજરાતઃ** ૫૧.૩૯ ટકા
**કચ્છઃ** ૨૯.૦૫ ટકા

### દક્ષિણ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧,૪૯૪.૫૧ મિમી વરસાદ

ઝોનવાર વરસાદની સ્થિતિમાં દક્ષિણ ગુજરાત સૌથી આગળ છે. દક્ષિણ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧,૪૯૪.૫૧ મિમી એટલે કે સરેરાશના ૯૬.૯૨ ટકા વરસાદ નોંધાયો છે. પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૪૯.૧૦ મિમી એટલે કે ૬૭.૦૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૧૬.૦૧ મિમી એટલે કે ૫૪.૫૮ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૩૭૫.૩૫ મિમી એટલે કે ૫૧.૩૯ ટકા વરસાદ થયો છે. કચ્છમાં અત્યાર સુધીમાં ૧૪૫.૨૦ મિમી એટલે કે સરેરાશના માત્ર ૨૯.૦૫ ટકા વરસાદ નોંધાયો છે.જિલ્લાવાર સ્થિતિમાં વલસાડમાં ૨,૫૬૭ મિમી એટલે કે સરેરાશના ૧૦૭.૮૩ ટકા, નવસારીમાં૨,૧૮૭ મિમી એટલે કે ૧૧૫.૦૫ ટકા અને સુરતમાં ૧,૫૫૧ મિમી એટલે કે ૧૦૨.૪૧ ટકા વરસાદ નોંધાયો છે. ડાંગમાં ૨,૧૨૦ મિમી સાથે સરેરાશના ૯૧.૬૨ ટકા વરસાદ થયો છે.

### ૯થી ૧૧ ઓગસ્ટ ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ

૯ ઓગસ્ટે અરવલ્લી, દાહોદ અને મહીસાગરમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની શક્યતા છે. બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ અને પંચમહાલમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી છે.૧૦ અને ૧૧ ઓગસ્ટે ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતમાં પણ તમામ જિલ્લાઓમાં કેટલાક સ્થળોએ વરસાદ પડી શકે છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૨થી ૧૪ ઓગસ્ટ દરમિયાન પણ રાજ્યમાં વરસાદી માહોલ ચાલુ રહેવાની શક્યતા છે.

### ૧૫૧ તાલુકામાં ૫૦૦ મિમીથી વધુ વરસાદ

રાજ્યમાં સિઝનલ વરસાદની સ્થિતિ જોતા ૧૫૧ તાલુકામાં ૫૦૦ મિમીથી વધુ વરસાદ નોંધાયો છે. ત્રણ તાલુકામાં ૦થી ૫૦ મિમી, સાત તાલુકામાં ૫૧થી ૧૨૫ મિમી, ૨૬ તાલુકામાં ૧૨૬થી ૨૫૦ મિમી અને ૧૧૭ તાલુકામાં ૨૫૧થી ૫૦૦ મિમી વરસાદ નોંધાયો છે. ૮૦ તાલુકામાં ૫૦૧થી ૧,૦૦૦ મિમી તથા ૩૫ તાલુકામાં ૧,૦૦૦ મિમીથી વધુ વરસાદ નોંધાયો છે.

# ઈજનેરીની તમામ બેઠકો ભરાઈ, હવે અધ્યાપકોની ભરતી ક્યારે?

**ભરતી** નહીં કરાય તો અધ્યાપક મંડળની આંદોલનની ચીમકી

સુરતઃ રાજ્યમાં ઈજનેરી શિક્ષણ માટે વિદ્યાર્થીઓનો વધતો રસ આ વર્ષે પ્રવેશના આંકડાઓમાં સ્પષ્ટ જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૪ પછી પ્રથમ વખત સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઈજનેરી સંસ્થાઓની તમામ બેઠકો ભરાઈ ગઈ છે. અંતિમ રાઉન્ડમાં ૯૬૭ નવા પ્રવેશ ફાળવાતા સરકારી-ગ્રાન્ટેડ અને અનુદાનિત સંસ્થાઓની કુલ ૧૦,૯૬૯ બેઠક પર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ છે.

આ વર્ષે કુલ ૪૮,૯૬૭ વિદ્યાર્થીએ ઈજનેરી પ્રવેશ માટે અરજી કરી હતી, જેના પગલે લાંબા સમય બાદ ઈજનેરી ક્ષેત્રમાં બેઠકો ભરાવાની સ્થિતિ જોવા મળી છે. જોકે, પ્રવેશના આ આંકડા જેટલા આશાસ્પદ છે, તેટલો જ ગંભીર પ્રશ્ન હવે શિક્ષકોની ઉપલબ્ધતા અને શિક્ષણની ગુણવત્તા અંગે ઊભો થયો છે. રાજ્યની અનેક ઈજનેરી કોલેજોમાં લાંબા સમયથી અધ્યાપકોની ખાલી જગ્યાઓનો પ્રશ્ન યથાવત્ છે. વિદ્યાર્થીઓની સંખ્યા વધવાની સાથે શિક્ષકોની અછત દૂર નહીં થાય તો વર્ગખંડમાં વિદ્યાર્થી-અધ્યાપક ગુણોત્તર બગડવાની સાથે શિક્ષણની ગુણવત્તા પર પણ સીધી અસર થવાની શક્યતા છે. ખાસ કરીને પ્રેક્ટિકલ, લેબોરેટરી, પ્રોજેક્ટ અને ટેકનિકલ વિષયોના શિક્ષણમાં પૂરતી સંખ્યામાં નિષ્ણાત અધ્યાપકો ઉપલબ્ધ હોવા જરૂરી છે. આવી સ્થિતિમાં પ્રવેશ ક્ષમતા વધે અને તમામ બેઠકો ભરાય, પરંતુ તેના પ્રમાણમાં ફેકલ્ટી ન વધે તો માત્ર પ્રવેશના આંકડાને શિક્ષણ ક્ષેત્રની સંપૂર્ણ સફળતા ગણવી મુશ્કેલ છે. અધ્યાપક સંગઠનોનો આક્ષેપ છે કે ફેકલ્ટીની ઘટ અંગે મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી સહિત સંબંધિત તંત્ર સમક્ષ વારંવાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, નક્કર ભરતી પ્રક્રિયા હાથ ધરવાને બદલે માત્ર ખાતરી આપવામાં આવે છે.

અધ્યાપક મંડળે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઈજનેરી સંસ્થાઓમાં અધ્યાપકોની ઘટ દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ સ્થિતિ ઊભી થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ટેકનિકલ શિક્ષણ વિભાગની રહેશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે. આમ, ઈજનેરીમાં ૧૦૦ ટકા પ્રવેશનો આ વર્ષે નવો રેકોર્ડ સર્જાયો છે, પરંતુ હવે સરકાર સામે પડકાર બેઠકો ભરવાનો નહીં, પરંતુ આ વિદ્યાર્થીઓને પૂરતા અધ્યાપકો સાથે ગુણવત્તાયુક્ત ટેકનિકલ શિક્ષણ આપવાનો છે.

# કેન્દ્રએ વિદેશી રફ ડાયમંડ વિક્રેતાઓ માટે કરમુક્તિનો પ્રસ્તાવ મૂક્યો

**ભારત** સરકાર સુરત ડાયમંડ બુર્સ અને મુંબઈના BDBના ઝોનમાં વિદેશી રફ ડાયમંડ વિક્રેતાઓ માટે 15 વર્ષની કર મુક્તિ અપાશે

સુરતઃ ભારત સરકારે મુંબઈના ભારત ડાયમંડ બુર્સ (બીડીબી) અને સુરતના સુરત ડાયમંડ બુર્સ (એસડીબી) જેવા ખાસ સૂચિત ઝોનમાં કાર્યરત વિદેશી રફ ડાયમંડ વિક્રેતાઓ માટે 15 વર્ષની કર મુક્તિ આપતું બિલ પાસ કર્યા પછી સરકારે વિદેશી રફ વિક્રેતાઓ માટે કર મુક્તિનો પ્રસ્તાવ મૂક્યો છે.

આ મુક્તિ વિદેશી માઈનિંગ કંપનીઓ, બ્રોકરો, એગ્રીગેટર્સ, હરાજી સંચાલકો અને સાઈટહોલ્ડર્સને આવરી લે છે, જેનો ઉદ્દેશ્ય રફ ડાયમંડની હિલચાલ ઘટાડવા અને ભારતમાં સીધા વેચાણને પ્રોત્સાહન આપવાનો છે. જો આ બિલને રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી આપવામાં આવે તો, આ બિલ 1 ઓક્ટોબર, 2026થી અમલમાં આવશે, જે આ વ્યવહારો પર કોર્પોરેટ ટેક્સનો બોજ ઘટાડીને ભારતને એક અગ્રણી રફ ડાયમંડ ટ્રેડિંગ હબ તરીકે સ્થાન આપવાની સંભાવના ધરાવે છે.

ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન ગુજરાતના પ્રેસિડેન્ટ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, ભારત સરકારે સ્પેશિયલ નોટિફાઈડ ઝોન (SNZ)માં રફ હીરા વેચતી વિદેશી કંપનીઓને 15 વર્ષની ટેક્સ હોલિડે આપતું બિલ તાજેતરમાં સંસદમાં રજૂ કર્યું હતું. સરકારે સંસદમાં રજૂ કરેલા બિલ મુજબ, આ મુક્તિ વિદેશી-આધારિત રફ વેચાણકર્તાઓની શ્રેણીને લાગુ પડશે, જેમાં ખાણિયાઓ, દલાલો અને એગ્રીગેટર્સનો સમાવેશ થાય છે. તે ટેન્ડર અને હરાજીના સંચાલકો તેમજ સાઈટહોલ્ડર્સ- ડી બીયર્સના કોન્ટ્રાક્ટ ગ્રાહકો માટેનો શબ્દ, જે ઘણીવાર તેમના રફ વેચાણ કરે છે, તેને પણ લાગુ પડશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

### લાયસન્સ સસ્પેન્ડ...

જનરેટ થાય છે અને આ ડેટા 'વાહન' તથા 'સારથિ' પોર્ટલ સાથે સીધો જોડાયેલો હોવાથી વાહન કે ડ્રાઈવિંગ લાયસન્સ સંબંધિત રેકોર્ડ ત્વરિત અપડેટ થઈ જાય છે.

આ સિસ્ટમમાં વહીવટી અને ટેકનિકલ સ્તરે મોટા ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં જો કોઈ વાહનચાલકને ઈશ્યુ થયેલા ઈ-ચલણ સામે કોઈ વાંધો હોય, તો તેના માટે ચોક્કસ સમયમર્યાદામાં ઓનલાઈન ફરિયાદ કે રજૂઆત કરવાની તક મળે છે, જ્યારે દેશના કોઈપણ રાજ્યમાં ઈ-ચલણ ઈશ્યુ થયું હોય તેની નોંધ આખી નેશનલ સિસ્ટમમાં દેખાતી હોવાથી બચી જવાની શક્યતા નહિવત બને છે અને જો નિર્ધારિત સમયમર્યાદા સુધી દંડ ન ભરવામાં આવે તો સિસ્ટમ આપમેળે તે કેસને વર્ચ્યુઅલ કોર્ટમાં ફોરવર્ડ કરી દે છે. આ નવા નિયમો અંતર્ગત જો કોઈ વાહનચાલક નિયત સમયમર્યાદામાં ચલાનની ચુકવણી નહીં કરે, તો તેનું વાહન પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરી દેવામાં આવશે અને તેને જપ્ત પણ કરી શકાશે.

આ ઉપરાંત જો કોઈના નામે પાંચ કે તેથી વધુ ઈ-ચલણ અથવા લાંબા સમયથી ઈ-મેમો પેન્ડિંગ બોલતા હશે, તો તેનું ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ અથવા કાયમી ધોરણે રદ કરાશે. આ ઉપરાંત, સમયસર દંડની રકમ ભરપાઈ ન થાય તો વાહન અથવા લાયસન્સ સંબંધિત આરટીઓ (RTO) ની કોઈપણ સેવાઓ જેવી કે વાહનનું ટ્રાન્સફર, પાસિંગ કે લાયસન્સ રિન્યુઅલ બ્લોક કરી દેવામાં આવશે. સુરત આરટીઓના સૂત્રોએ કહ્યું કે, દેશભર સહિત સુરતમાં આ સિસ્ટમ મોટેભાગે 15 ઓગસ્ટથી લાગુ થશે. ત્યાર બાદ પોર્ટલ પર જ ઓનલાઈન તમામ મેમો જનરેટ થશે. મેમો ન ભરનાર સામે સખ્ત દંડનીય કાર્યવાહી થશે. એટલું જ નહીં અધિકારીઓની જવાબદારી પણ નક્કી થશે. આ આખી પ્રક્રિયા (45+ 30 + 15 દિવસ) પૂર્ણ થયા પછી પણ જો દંડ ભરવામાં નહીં આવે, તો વાહનને પોર્ટલ પર 'Not to be Transacted' (કોઈપણ વ્યવહાર ન કરવો) તરીકે ફ્લેગ (બ્લેકલિસ્ટ) કરી દેવામાં આવશે. આ ઉપરાંત, કોર્ટના આદેશોને આધિન રહીને પોલીસ અધિકારી આવા વાહનને જપ્ત પણ કરી શકશે.

### વકીલોની હડતાળ...

કરવામાં આવ્યાં છે. રાજ્યની વિવિધ અદાલતોમાં રજૂ થતાં કાયદાકીય દસ્તાવેજોના કદ અને ફોર્મેટમાં એકરૂપતા આવશે. જોકે, તમામ પ્રકારના દસ્તાવેજો માટે A4 પેપરનો નિયમ લાગુ કરવામાં આવ્યો નથી.

પોલીસ પેપર્સ, ચાર્જશીટ, પોલીસ રિપોર્ટ, FSL રિપોર્ટ તેમજ અન્ય સંસ્થાઓ અથવા સત્તાવાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત કેસમાં પુરાવા તરીકે રજૂ કરવાના મૂળ દસ્તાવેજો માટે પણ જૂની પદ્ધતિ યથાવત્ રાખવામાં આવી છે. બીજી તરફ, નવા નિયમોના અમલને લઈને રાજ્યના કેટલાક બાર એસોસિએશનો અને વકીલો દ્વારા અગાઉ માળખાકીય સુવિધાઓ તથા કમ્પ્યુટરાઇઝ્ડ ફોર્મેટ અંગે વાંધા ઉઠાવવામાં આવ્યા હતા. હવે 10 ઓગસ્ટથી નિયમનો અમલ શરૂ થતાં વકીલ સમુદાયમાં પણ આ મુદ્દે હાઈકોર્ટના આગામી વહીવટી નિર્ણય પર નજર રહેશે.

### વકીલ પર...

સુરત જિલ્લા વકીલ મંડળનાં પ્રમુખ ઉદય પટેલ, મંત્રી મુકુન્દ રામાણી, ખજાનચી દિવ્યા કોસંબીયા, ફેની પટેલ તથા કાઉન્સીલ સભ્યો સહિત અન્ય સિનિયર અને જુનિયર વકીલો બહોળી સંખ્યામાં હાજર રહી, કલમનો ઉમેરા માટે દલીલ કરી હતી. દરમિયાનમાં આજે વકીલ પર હુમલો કરનાર આરોપી હરિઓમ તોમરને ઉધના પોલીસ કોર્ટમાં રજૂ કરવા લાવ્યા ત્યારે ખૂબ મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા અને ઉધના પોલીસ વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી આરોપી પર ટપલીદાવ કરી લીધો હતો. વકીલોના રોષને ઠારવવા માટે પોલીસને ભારે જહેમત કરવી પડી હતી અને આરોપીને બચાવતાં કોર્ટમાં રજૂ કરવો પડ્યો હતો. આરોપી સામે હળવી કલમ લગાવતાં ઉધના પોલીસ સામે વકીલોમાં ભારે રોષ હતો અને પોલીસની હાય હાય બોલાવી '૧૦ લાખ કોણે લીધાં, ક્યાં પોલીસવાળાને કેટલો ભાગ લીધો'ના સૂત્રોચ્ચાર વકીલોએ પોકાર્યા હતા.

### યલો એલર્ટની...

બની છે. આગામી 12 ઓગસ્ટે નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના હોવાથી દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદી વાદળો ઘેરાઈ શકે છે.

સુરત શહેરમાં આજે વરસાદે વિરામ લીધો હોવા છતાં આકાશ મોટાભાગે વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું. દિવસ દરમિયાન તેજ પવનને કારણે વાતાવરણમાં ઠંડકનો અહેસાસ રહ્યો હતો. વરસાદ નહીં પડતાં શહેરના જનજીવનને પણ રાહત મળી હતી. જોકે, હવામાનમાં ભેજનું પ્રમાણ ઊંચું રહેતાં બફારો અનુભવાયો હતો. આજે સુરતમાં મહત્તમ તાપમાન આંશિક વધીને 32.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ થોડું વધીને 27.3 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ 79 ટકા નોંધાયું હતું. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી આશરે 8 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હાલ વરસાદે વિરામ લીધો છે, પરંતુ આ વિરામ લાંબો રહે તેવી શક્યતા ઓછી જણાઈ રહી છે. આગામી 12 ઓગસ્ટ આસપાસ દક્ષિણ ગુજરાત તરફ નવી વરસાદી સિસ્ટમની અસર પહોંચવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. જેના પગલે સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ફરી વરસાદી વાદળો સક્રિય થઈ શકે છે. નવી સિસ્ટમ સક્રિય થાય તો આગામી દિવસોમાં વરસાદની તીવ્રતા અને વિસ્તાર અંગે વધુ સ્પષ્ટતા થઈ શકે છે. હાલના તબક્કે સુરત શહેર અને જિલ્લામાં વરસાદી સિસ્ટમની અસર કેવી રહે છે તેના પર હવામાન વિભાગની આગાહી અને સ્થિતિ પર સૌની નજર રહેશે.

### ઉકાઈમાં પાણીની...

છે. હાલ ઉપરવાસમાં વરસાદનું પ્રમાણ ઘટતાં ઉકાઈ ડેમમાં પાણીની આવક નિયંત્રિત થઈ છે. જોકે, આગામી 12 ઓગસ્ટ આસપાસ નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના હોવાથી ઉપરવાસમાં ફરી સારો વરસાદ પડે તો ડેમમાં પાણીની આવકમાં વધારો થઈ શકે છે.

### 'ડ્રિક એન્ડ...

કરી હતી. ઘટના અંગે બેંક મેનેજરને જાણ કરવામાં આવતાં બેંકના અધિકારીઓ રાઘવ સંપતસિંઘ રાવત તથા કલ્પેશભાઈ બાબુભાઈ પટેલ સ્થળ પર દોડી આવ્યાં હતાં અને ચાવીથી બેંકનું લોક ખોલ્યું હતું. અંદર તપાસ કરતાં ૬ ઈસમ હાજર મળી આવ્યાં હતાં, જેમાંથી ૨ લોકોએ ફર્નિચરનું કામ કરવા માટે અને બાકીના ઈસમો રાત્રે સૂવા માટે આવ્યા હોવાનું જણાવ્યું હતું.

પોલીસે શંકાસ્પદ ઈસમોની તપાસ કરતાં તેમાંથી બે ઈસમ લથડિયા ખાતા, બૂમ-બરાડા પાડતા અને દારૂની તીવ્ર વાસ સાથે નશાની હાલતમાં મળી આવ્યાં હતાં. પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાના નામ સુનીલ જવાહરલાલ યાદવ (ઉં.વ.૪૯, રહે., પંજાબ સિંધ બેંકની અંદર, રિંગ રોડ, સુરત, મૂળ ઝોનપુર, ઉત્તર પ્રદેશ) અને મદનકુમાર લક્ષ્મણ રાણા (ઉં.વ.૩૬, મૂળ હજારીબાગ, ઝારખંડ) હોવાનું જણાવ્યુ હતું. અઠવાલાઈન્સ પોલીસે પંચનામું કરી બંને આરોપીની અટકાયત કરી વધુ તપાસ તથા મેડિકલ ચકાસણી અર્થે નવી સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યા છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### આજે વિશ્વ...

ધમધમતા તાલ અને આદિવાસી સંગીતની દેશી ધૂન સાથે યુવાનો ગ્રુપમાં ડાન્સ કરતા જોવા મળે છે. પરંપરાગત આદિવાસી ડાન્સના સ્ટેપ્સ સાથે આધુનિક ડાન્સ વરઘોડામાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. એક તરફ આધુનિક DJ અને સાઉન્ડ સિસ્ટમ છે, તો બીજી તરફ ઢોલ, પાવરી સહિતના પરંપરાગત સંગીતનો તાલ છે. બંનેના સંગમથી સુરતના વરઘોડામાં ડાન્સની એક નવી જ રંગત જોવા મળી રહી છે.આ ટ્રેન્ડ માત્ર મનોરંજન પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ દક્ષિણ ગુજરાતની લોકસંસ્કૃતિને શહેરી માહોલમાં નવી ઓળખ આપવાનું માધ્યમ પણ બની રહ્યો છે. યુવાનોમાં આદિવાસી ગીતો પ્રત્યે વધી રહેલા ક્રેઝને કારણે લગ્નપ્રસંગોમાં પણ સ્થાનિક લોકસંગીતને પ્રોત્સાહન મળી રહ્યું છે.

## ગરબા અને ડાન્સ ક્લાસીસમાં પણ આદિવાસિ સ્ટેપ્સની તાલીમ

આદિવાસી ગીતોના વધતા ક્રેઝની અસર હવે સુરતના ગરબા અને ડાન્સ ક્લાસીસમાં પણ જોવા મળી રહી છે. વરઘોડામાં યુવાનોને આદિવાસી ગીતો પર વધુ સારી રીતે ડાન્સ કરી શકાય તે માટે કેટલાક ક્લાસીસમાં ખાસ કોરિયોગ્રાફી અને ફ્યુઝન સ્ટેપ્સ શીખવવામાં આવી રહ્યા છે. આદિવાસી નૃત્યની લયબદ્ધ ફૂટવર્ક, હાથની તાળી, જૂથમાં એકસાથે કરવામાં આવતા સ્ટેપ્સ તેમજ પાવરીની ધૂન પર કરવામાં આવતી ઉર્જાસભર મુવમેન્ટને આધુનિક કોરિયોગ્રાફી સાથે જોડવામાં આવે છે. મોટા ગ્રુપમાં જાનૈયાઓ એકસાથે ડાન્સ કરે ત્યારે આવા સ્ટેપ્સ વરઘોડામાં ખાસ આકર્ષણ ઊભું કરે છે.

### આદિવાસી ગીતોમાં...

શીખી રહ્યા છે. આદિવાસી ગીતો પર ઝૂમતા જાનૈયાઓના પગલે હવે લગ્ન પ્રસંગોમાં દક્ષિણ ગુજરાતની લોકસંસ્કૃતિની પણ સુંદર ઝલક જોવા મળી રહી છે.

### વેસુમાં કાપડ...

પોર્ટલ પર ઈ-એફઆઈઆર નોંધાવી હતી, જેના આધારે વેસુ પોલીસે કાયદેસરનો ગુનો નોંધી ઘટનાસ્થળ તથા આસપાસના રસ્તા પરના સીસીટીવી ફૂટેજ ચકાસીને અજાણ્યા સ્નેચરોને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

### કપરાડાના વડોલી...

માટી નીચે દબાઈ જતા એક મહિલાનું મોત નિપજ્યું હતું. ત્યારે શનિવારે મોડી રાત્રે આવેલા ધરતી કંપનને લઈ વડોલી નહી પરંતુ અન્ય ગામોમાં પણ લોકો ચિંતામાં મુકાયા છે. ત્યારે તંત્ર દ્વારા આ મુદ્દે તપાસ કરાઈ તે જરૂરી છે.

વડોલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પ્રકાશભાઇએ જણાવ્યું કે ગામના રાનવેરી ફળિયા સહિત બે ફળિયામાં શનિવારે રાત્રે 10 કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. જોકે કોઈ અન્ય ઘટના બની નથી. આ મુદ્દે તાલુકા પંચાયત અધિકારીને જાણ કરાશે તેમ જણાવ્યું હતું.

### સસ્તા સોનાના...

અને જમીન દલાલ ઓધવજી હરખા ચૌહાણ મારફતે મૂળ ભાવનગરના ખિજડીયા ગામના અને હાલ મોટા વરાછાના સાંઈ બંગલોઝમાં રહેતા પરેશ રણછોડ ડોબરીયા (ઉં.વ.32) નો સંપર્ક થયો હતો. ગત 25 માર્ચે અંબિકા જ્વેલર્સમાં મળેલા પરેશે પોતાનો એક વેપારી મુન્દ્રા પોર્ટ પરથી સોનું છોડાવીને બજારભાવ કરતાં 4 ટકા ઓછા ભાવે વેચવા તૈયાર હોવાનું કહી વિશ્વાસ કેળવ્યો હતો. મોટો જથ્થો ખરીદવો પડશે તેમ જણાવી 800 ગ્રામ સોનું રૂ.1.09 કરોડમાં આપવાની ઓફર કરી હતી. આ સોદામાં એડવાન્સ પેટે રૂ.15 લાખ લીધા બાદ બાકીના રૂ.94 લાખ રોકડા લેવા માટે ગત 6 જુલાઈએ નિકુંજભાઈ અને તેમના સાથીઓને અમદાવાદના સરખેજ ખાતે બોલાવવામાં આવ્યાં હતા. વેપારીને રોકડ આપી સોનું લઈને આવવાનું કહી તેણે નિકુંજભાઈ પાસેથી રૂ.94 લાખ રોકડા લીધા હતા અને ત્યારબાદ રકમ લઈને ફરાર થઈ ગયો હતો. વરાછા પોલીસે પરેશ ડોબરીયાને ગત 7 ઓગસ્ટે ભાવનગરમાંથી ઝડપી પાડ્યો હતો.